ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

તેરી મુસ્કુરાહટ કા અસર
સેહત પે હોતા હૈ
લોગ પૂછ લેતે હૈં...
દવા કા નામ ક્યા હૈ ?

**જન્મદિને વધામણી**



રાહીલ શાહ
મો. ૯૯૭૯૭ ૩૨૮૪૯

## પ્રેરણા વિદ્યાલય ખાતે હેલ્ધી ડાયેટ ફૂડ અંગે કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨૧

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે લાયોનેસ ક્લબ દ્વારા 'હેલ્ધી ડાયટ ફૂડ'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પધારેલ મહેમાનોનું સુતરની આંટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. લાયોનેસ ક્લબનાં પ્રમુખ મીનાક્ષીહેન જયસિંઘાની, ગુજરાત માઈનોરિટી ફાયનાન્સ અને ડેવલપમેન્ટ કોર્પોરેશનનાં ડિરેક્ટર, કૂકિંગ એક્સપર્ટ તથા ગાંધીનગર ભાજપના વાઈસ પ્રેસિડેન્ટ પરમજીત કૌર છાબડા, સૅક્રેટરી નીતાબેન રામા, ખજાનચી રીટાબેન શાહ તથા લાયોનેસ ક્લબના મૅમ્બર નિલમબેન સાધનાબેન, મારૂબેન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

પરમજીત કૌર છાબડાએ વિદ્યાર્થીઓને હેલ્ધી ફૂડ ખાવાથી થતા ફાયદા વિશેની સમજૂતી આપી હતી. જમતાં પહેલાં હાથ ધોવા જોઈએ, જંકફૂડથી થતા રોગો, વિરુદ્ધ આહાર લેવાથી થતા રોગો તથા પૌષ્ટિક આહાર વગેરેની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનીષભાઈ ખત્રીએ આભારવિધિ કરી હતી તથા કાર્યક્રમનું સંચાલન વિદ્યાલયના શિક્ષક સંજયભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### સરકારી વિજ્ઞાન કૉલેજનું ગૌરવ
## કૉલેજનો વિદ્યાર્થી યુનિવર્સિટી ક્રિકેટ ટીમનો કપ્તાન બન્યો



ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના યુવાન વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર અભ્યાસ ઉપરાંત રમત-ગમત, કલા, સંશોધન જેવા ક્ષેત્રોમાં પણ વિદ્યાર્થીઓને તક આપી રહી છે. ત્યારે ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજ, સૅક્ટર-૧૫ ખાતે બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી માનવેન્દ્ર મહેતાએ કૉલેજને ગૌરવ અપાવ્યું છે.

પોતાની મહેનત, અથાગ પરિશ્રમ અને એકાગ્રતાથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની કુલ ૪૮ કૉલેજમાંથી ક્રિકેટ ટીમનું કપ્તાનપદ માનવેન્દ્ર મહેતાએ પ્રાપ્ત કર્યું છે. માનવેન્દ્ર આ અગાઉ કુચ બિહાર ટ્રોફી, વિનુ માંકડ ટ્રોફી, વિજય હજારે ટ્રોફી વગેરેમાં ભાગ લઈ ચૂક્યા છે. તેમની આ સિદ્ધિ બદલ કૉલેજના આચાર્ય કે જી છાયાએ અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે કૉલેજ શરૂ થઈ ત્યારથી કૉલેજને આવું માન અપાવનાર માનવેન્દ્ર પ્રથમ વિદ્યાર્થી છે.

ઉલ્લેખનીય છે કે હાલ માનવેન્દ્ર આંતર યુનિવર્સિટી સ્પર્ધા માટે મધ્યપ્રદેશ ખાતે યુનિવર્સિટીની ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે.

## હેતરાજસિંહ વાઘેલાને દોડમાં ગોલ્ડ મેડલ



ગાંધીનગર, તા. ૨૧

લેકાવાડા ખાતે કાર્યરત ચૈતન્ય સ્કૂલ ખાતે તાજેતરમાં દોડની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ભાગ લઈને ધોરણ-૧ના વિદ્યાર્થી હેતરાજસિંહ દુષ્યંતસિંહ વાઘેલાએ પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત
## શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલનો ૧૭મો વાર્ષિકોત્સવ







ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલનો ૧૭મો વાર્ષિકોત્સવ અને તેજસ્વી તારલાઓને, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે એક સમારોહ યોજાયો હતો.

વાર્ષિકોત્સવ માટે 'ભાઈ બહેનનો સ્નેહ' થીમ નિયત કરવામાં આવી હતી, જે અંતર્ગત નાટક, ડાન્સના સંયોજનવાળી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ નાટક રજૂ કર્યું અને અન્ય વિદ્યાર્થીઓએ થીમને અનુરૂપ ડાન્સ પ્રસ્તુત કર્યો હતો.

ઈનામ વિતરણ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૧થી ૮માં શ્રેષ્ઠ પરિણામ લાવનારા વિદ્યાર્થીઓને પૂર્વ ચેરમેન સ્વ. માણેકલાલ પટેલ મેરિટ સ્કોલરશીપ (વાર્ષિક ફીની અડધી રકમ) તેમજ સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યાં હતાં. બધા જ ધોરણમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓને પારિતોષિક આપીને નવાજવામાં આવ્યા હતા. ઉપરાંત શિક્ષણેતર પ્રવૃત્તિઓમાં પણ રાજ્ય, રાષ્ટ્રકક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો, સન્માનપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. શાળાકીય રમતોત્સવમાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે પસંદ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને 'વ્યાયામવીર' અને 'વીરબાળા'નો ખિતાબ આપવામાં આવ્યો હતો.

સમારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઉપસચિવ કલ્પેશભાઈ ભટ્ટ અને સંસ્થાના પૂર્વ વિદ્યાર્થી તથા હાલ ડેન્ટલ સર્જન ડૉ. સાહિલ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં આચાર્ય દશરથભાઈ પટેલ અને સુપરવાઈઝર અશોકભાઈ પટેલે તમામ આમંત્રિતો, વાલી, વિદ્યાર્થીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

## સ્પોર્ટ્સ ફેસ્ટ પેટ્રોકપમાં પીડીપીયુ ઓવરઓલ ચૅમ્પિયન

ગાંધીનગર, તા. ૨૧

પીડીપીયુ ખાતે યોજાયેલા સ્પોર્ટ્સ ફેસ્ટ પેટ્રોકપમાં પંડિત દીનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી (પીડીપીયુ) ઓવરઓલ ચેમ્પિયન બની છે. પેટ્રોકપમાં બીજા ક્રમે નિરમા અને ત્રીજા ક્રમે રક્ષા શક્તિ યુનિવર્સિટી આવી. ૧૫ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી સુધી ચાલેલા આ સ્પોર્ટ્સ ફેસ્ટમાં ગુજરાતની વિવિધ યુનિ.ના ૭૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પેટ્રો કપમાં ઍથ્લેટિક્સ, ટેકવાન્ડો, યોગ, કેરમ, ચેસ, વોલીબોલ, ક્રિકેટ, કબડ્ડી, સ્કેટ, ચેસ, ખો-ખો, હેન્ડબોલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, લોન ટેનિસ, ફૂટબોલ, બાસ્કેટબોલની સ્પર્ધા યોજાઈ હતી. યોગમાં પીડીપીયુ વિજેતા બની. સ્કેટિંગની ઈનલાઈન બોયસમાં જીઆઈટીનો શૈષ્વ શાહ, ક્વોડ બોયસમાં બીએમસીઈટી મીત પંડયા વિજેતા બન્યા હતા. કેરમમાં આઈઆઈટી રામ વિજેતા અને ઈન્ડસ યુનિવર્સિટી રનર્સ અપ બની હતી. ચેસમાં નિરમા વિજેતા અને પીડીપીયુ રનર્સ અપ બની હતી. કબડ્ડીમાં રક્ષા શક્તિ યુનિવર્સિટીને ફાઈનલમાં હરાવી પીડીપીયુ ચેમ્પિયન બની હતી. ખો-ખોમાં મરચંટ યુનિવર્સિટી વિજેતા અને પીડીપીયુ રનર્સ અપ બની હતી. બેડમિન્ટન બોયસમાં પીડીપીયુ ડીએ આઈઆઈસીટીને હરાવી ચેમ્પિયન બની જ્યારે ગર્લ્સમાં જીએલએસ વિજેતા અને પીડીપીયુ રનર્સ અપ બની હતી. હેન્ડબોલમાં એડીઆઈટી વિજેતા અને પીડીપીયુ રનર્સ અપ બની હતી. ટેબલ ટેનિસ ગર્લ્સમા ચારુસત યુનિવર્સિટી વિજેતા અને પીડીપીયુ રનર્સ અપ અને બોયસમાં નિરમા વિજેતા અને પીડીપીયુ રનર્સ અપ બની હતી.

## ઍસઍસઆઈટી ખાતે ઍડવાન્સ પીઍચપી તાલીમ





ગાંધીનગર, તા. ૨૧

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી અને ઍચ ઍન ટૅકનોલૉજીસ પ્રા. લિ.ના સંયુક્ત ઉપક્રમે બે દિવસ માટે ઍડવાન્સ પીઍચપી વિષયે ટ્રેનિંગ અને સર્ટીફિકેટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કોર્સમાં જીટીયુ સંલગ્ન વિવિધ કૉલેજના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ટૅકનીકલ ઈવેન્ટમાં વેબ સાઈટ ડિઝાઈનીંગ અને ડૅવલપમૅન્ટ દ્વારા પોતાની બ્રાન્ડની ઓળખ અને વિશેષતા કેવી રીતે જાળવી રાખવી તથા વેબ સાઈટ સિક્યુરિટીના વિવિધ પાસાઓની સમજ આપવામાં આવી હતી. આ અંગે વધુ માહિતી આપતાં ઍસઍસઆઈટીના ડિરેક્ટર પ્રૉ. ધર્મેશ વંડરાએ જણાવ્યું હતું કે ભારતમાં આગામી સમયમાં વેબ સાઈટ ડૅવલપમૅન્ટ ક્ષેત્રે ખૂબ જ ઉજ્જવળ તકો રહેલી છે. જેથી વિદ્યાર્થીઓને આ ક્ષેત્રની લેટેસ્ટ ટૅકનોલૉજીનું જ્ઞાન હોવું ખૂબ જરૂરી છે. આ જરૂરિયાતને આ ટ્રેનિંગ દ્વારા આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા માતૃભાષા દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા માતૃભાષા ગૌરવ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના તપોવન સંશોધન કેન્દ્રના લાભાર્થી રિદ્ધિબહેન છત્રપતિએ પ્રાથમિક શિક્ષણ કઈ ભાષામાં આપવું તે વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. યુનિવર્સિટીના સંગીત શિક્ષક હાર્દિકભાઈ ભટ્ટે પોતાની માતૃભાષાનું ગૌરવ કરનાર ઉત્તમ ગુજરાતી અવિનાશભાઈ વ્યાસની 'ગુજરાતી થઈ ગુજરાતી કોઈ બોલે નહીં બરાબર...' પંક્તિઓનું સ્મરણ કરીને માતૃભાષાનું મહત્ત્વ ગીત દ્વારા રજૂ કર્યું હતું. ભૂમિબહેન પંડ્યાએ માતૃભાષાનું મહત્ત્વ વાર્તાના દૃષ્ટાંત દ્વારા માતૃભાષાનું મહત્ત્વ ઉજાગર કર્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે ઍસ લિખિયાએ માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે માતૃભાષા આત્મભાષા છે. આપણી માતૃભાષા આપણા હૃદયમાં વસેલી હોય છે. ગુજરાતી ભાષા અને સાહિત્ય સમૃદ્ધ કરનાર સર્જકોનો ખ્યાલ આપતાં તેમણે જણાવ્યું હતું કે ફાધર વાલેસ, કાકાસાહેબ કાલેલકર ગુજરાતી ન હોવા છતાં ગુજરાતી સાહિત્ય નિર્માણમાં તેમનું ઘણું પ્રદાન રહ્યું છે.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના રજિસ્ટ્રાર કમલામની રાવ, નાણા અને હિસાબી અધિકારી આર જે શાહ, અધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી સંશોધન વિભાગ હેઠળ ચાલતાં રાજ્યનાં તપોવન સંશોધન કેન્દ્રોમાં સગર્ભા બહેનોને માતૃભાષા દિન નિમિત્તે માતૃભાષાનું ગૌરવ સમજાવવામાં આવ્યું હતું તથા વિવિધ પ્રવૃત્તિઓ કરાવાઈ હતી.

## લાગણી ના હોવાનો દંભ અને તેની વેદનાભરી ટીસ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

(ગતાંક થી ચાલુ)

વ્યક્તિને પોતાના સ્નેહી પ્રત્યે લાગણી હોય પણ પોતાને એ લાગણી ના હોવાનો ક્યારેક પોતાને ઢોંગ કરે છે. એનાથી ઊલટું પણ ક્યારેક થાય છે કે પોતાને સ્નેહી પ્રત્યે લાગણી ના હોય છતાં લાગણી હોવાનો ઢોંગ કરે છે. કોઈપણ વ્યક્તિ પ્રત્યે તમને કોઈપણ પ્રકારની લાગણી ના હોય ત્યારે તમને લાગણી છે એવો વ્યવહાર અને વર્તન કરીને લાગણી હોવાનો ઢોંગ કરવો એ મુશ્કેલ કાર્ય છે. તેના કરતાં પણ વધારે મુશ્કેલ કાર્ય છે લાગણી હોવા છતાં પણ પોતાને કોઈ જ પ્રકારની લાગણી નથી એવો ઢોંગ કરવો. આ પ્રકારનો ઢોંગ સંબંધોમાં વિક્ષેપ ઊભા કરે છે અને એ વિક્ષેપ સંબંધોના વિચ્છેદ સુધી લઈ જઈ શકે છે. આવું થાય છે ત્યારે સંબંધિત બંને વ્યક્તિને વેદના થાય છે.

તમને કોઈપણ વ્યક્તિ પ્રત્યે સંબંધ હોય, સ્નેહ હોય, પ્રેમ કે પ્રણયની લાગણી હોય શકે. કોઈ વ્યક્તિ પ્રત્યે લાગણી થાય એ કુદરતી છે. કોઈ પ્રત્યે લાગણી હોવી એ ગુનો પણ નથી. તમને ખરેખર દિલની લાગણી હોય, તમે તમાર હૃદયના ઊંડાણથી કોઈને ચાહતા હોય છતાં તમે એવો વ્યવહાર કરો કે તમને એ વ્યક્તિની પરવાહ નથી, તમને એ વ્યક્તિ પ્રત્યે કોઈ લાગણી નથી, તો એ એક ઢોંગ છે, એક દંભ છે. આ પ્રકારનો ઢોંગ કરવો, દેખાડો કરવો એક રીતે ખૂબ જ સરળ લાગે છે પણ આવો ઢોંગ તમને પોતાને પણ નથી ગમતો હોતો. આવો ઢોંગ તમને પોતાને જ અંદરથી ખોરી ખાય છે, પેલા યુવકની જેમ. તમારું એ પ્રકારનું વર્તન તમને જ બેચેન કરી મૂકશે અને તમારા હૃદયમાથી જ વેદનાની ટીસો નીકળતી રહેશે.

વ્યક્તિને પોતાના સ્નેહી પ્રત્યે ચાહત હોય છતાં ચાહત ના હોવાનો ઢોંગ કરે છે. પોતાની ચાહતને છુપાવવા માટે વ્યક્તિ લાખ પ્રયત્ન કરે તો પણ એ ઢોંગ સાબિત થઈને જ રહે છે. " લાખ છુપાઓ છૂપ ના સકેગા રાઝ હો કિતના ગહેરા''. લાખ પ્રયત્નો કરીને તમે થોડા સમય માટે તમારો પ્રેમ કે તમારી ચાહત છુપાવી શકો છો પણ એક દિવસ તો એ લાગણી સપાટી ઉપર આવી જ જાય છે.



આવું થાય છે ત્યારે તમે ખુલ્લા પડી જાવ છો. આમ વ્યક્તિ એક વખત ખુલ્લી પડી જાય છે પછી તેને માટે પ્રેમને નકારવો કે સ્વીકરવો, બંને કાર્યો મુશ્કેલ બની જાય છે.

પોતાને લાગણી ના હોવાનો દંભ કરનારી વ્યક્તિ અંદરથી વ્યથિત થતી હોય છે. આ વ્યથા એવી હોય છે કે જે કોઈને કહી શકતી નથી અને સહી પણ શક્તિ નથી. પોતાની વ્યથા છુપાવવા માટે વ્યક્તિ પોતાના ચહેરા ઉપર ખોટું સ્મિત, પ્લાસ્ટિક સ્માઈલ આપીને, પોતાના જ ગાલ ઉપર તમાચો મારીને મોઢું લાલ રાખતી હોય છે. પણ તેના દ્વારા વ્યક્તિની વ્યથા અને અંદરની ટીસ છૂપી રહી શક્તિ નથી.

પેલા યુવક સાથે યુવતીએ વ્યવહારો ઓછા કરી દીધા પછી યુવકને કદાચ પોતાની ભૂલ સમજાઈ હશે, પોતાને કદાચ અફસોસ પણ થતો હશે, પોતાની જાત ઉપર કદાચ ગુસ્સો પણ આવતો હશે, પોતાની લાગણીઓને એ યુવતી સમક્ષ પ્રગટ કરવાની ઈચ્છા પણ થતી હશે પણ યુવકને મનમાં એક આશંકા હશે કે યુવતી પોતાની અભિવ્યક્તિનો કદાચ હકારાત્મક પ્રતીભાવ ના આપે. યુવકને કદાચ સંકોચ પણ થતો હોય કે એકવાર પોતે યોગ્ય પ્રતીભાવ ના આપ્યો તો આટલા લાંબા સમયગાળા પછી કેવી રીતે પ્રતીભાવ આપવો. યુવકને કદાચ ફરી પાછો પોતાનો અહમ પણ આડે આવતો હોય. કારણ જે હોય તે, વ્યક્તિ એકવાર લાગણી ના હોવાનો દંભ કરે છે પછી એ દંભ છોડવો મુશ્કેલ બની જાય છે.

પોતાના સ્નેહી પ્રત્યે પોતાને લાગણી કે પ્રેમ ના હોવાનો જે વ્યક્તિ ઢોંગ કરે છે તે સૌથી પહેલા પોતાની જાત સાથે ઢોંગ કરે છે અને પોતાની જાત સાથે છેતરપિંડી કરે છે. આ પ્રકારની વ્યક્તિ સંબંધની બાબતમાં પોતાની જાત સાથે ભાગ્યે જ પ્રમાણિક રહી શકે છે. કારણ કે આવી વ્યક્તિએ પોતાની જાત સાથે જ રમત માંડી હોય છે. જે વ્યક્તિ પોતાની જાત સાથે જ રમત રમે છે એ ક્યારેય પોતાની બાજી જીતી શકતી નથી. પોતાની જાત સાથેનું જુદ્દાણું વ્યક્તિને કોઈ જ બાજી જીતવા નથી દેતું.

માનવીય સંબંધો અને પોતાના પ્રેમને અભિવ્યક્ત ના કરીને ઢોંગ કરતી વ્યક્તિઓ સતત પોતાના પ્રિયપાત્રની આસપાસ, તેના સંપર્કમાં રહેવાનો પ્રયત્ન કરતી હોય છે. પોતાના પ્રિયપાત્રની સતત આસપાસ રહેવા છતાં એ લોકો એ વાતની તકેદારી રાખે છે કે પોતાના પ્રિયપાત્રને વાત ની ખબર ના પડે. તેઓ પોતાના પ્રિય પાત્રની બધી જ જાણકારી મેળવવા પ્રયત્ન કરે છે છતાં ઢોંગ તો એવો જ કરે છે કે પોતે કઈ જ નથી જાણતા.

આપણે આપણી જાતને તપાસીએ. આપણે તો આવું નથી કરતાં ને? આપણે સૌ, કોઈ ને કોઈ પ્રકારના સંબંધોમાં આવો ઢોંગ કરતાં જ હોઈએ છીએ. આ પ્રકારનો ઢોંગ જેટલો ઓછો કરશું એટલી આપની જાતને ઓછી વેદના આપશુ. જેટલી વેદના આપની ઓછી થશે એટલી ઓછી વેદના આપના પ્રિયપાત્રને થશે. સંબંધોની વેદનાને ઓછી કરવા આપણે આપણાં ના ઢોંગ ઉપર કાબૂ રાખીએ.